॥ देवं नंदनंदनं वंदे. ॥

શ્રી દ્વિતીય દશાલાડ કૉન્ફરન્સ.



(વૈશાખ વદ ૧૨ અને ૧૩, સંવત્ ૧૯૭૨
રવિવાર અને સોમવાર)

તા. ૨૮-૫-૧૬ તથા તા. ૨૯-૫-૧૬

સ્થળ—સુરત.

કૉન્ફરન્સમાં ગાવાનાં ગાયન.



પ્રસિદ્ધ કરનાર

[illegible]

[illegible]ના દશાલાડ [illegible]રન્સ

કમિટી. તરફથી

મગનલાલ ભુખાણદાસ શેઠ—સેક્રેટરી,
જદાખાડી—સુરત.



સંવત ૧૯૭૨. [illegible]સ. ૧૯૧૬.



મૂલ્ય ાા આનો.

અનુક્રમણિકા.



(कॉन्फरन्स)

૧. ઇશ્વરસ્તુતિ... ... ...ગાનાર—બાળકો.

૨. સ્વાગતોચ્ચાર ... ... ,, ,,

૩. સંપ એ સર્વ સુખનું મૂળ છે ...ધીરજલાલ ગિરધરલાલ

૪. વિજ્ઞપ્તિ... ... ... ગાનાર—બાળકો.

... ...
,, ,,

૫. રાજગીત... ... ... ધીરજલાલ ગિરધરલાલ મોદી.

(समाज)

૧. ઇશ્વરસ્ત
૨. સ્વાગત
૩. સુધારો

॥ देवनंदनंदनंवंदे ॥

श्री द्वितीय दशालाड कॉन्फरन्स.

स्थल–सूर्यपुर.

— ૧ —

ईश्वरस्तुति.

(રાગ–યમન કલ્યાણ, તાલ ધ્રુવપદ)

વંદન હે વિભુ હસ્તજ જોડી, (૨)
હોંસ થકો કરીએ સઉ દોડી, (૨)–વંદન.
સહાય કરો શુભ કાર્ય મુરારિ, (૨)
પુરી સઉ આશ હમારી, (૨) [illegible]
[illegible]
[illegible] શ્રી મુરલીધર, (૨)
સન્મતિ અર્પો કહું કરજોડી, (૨)–વંદન.

त्रि. ज. शेठ.

— ૨ —

स्वागतोच्चार.

(રાગ–કહાનરો દરબારી–ત્રિવટ)

પ્રિય આવો (૨), પ્રિય ઉદય પામતી સમાજ આજ વધાવો–પ્રિય આવો
નિજ જ્ઞાતિ તણી ઉન્નતિ થાશે (૨), શ્રમ દીધો તમોને એ આશે (૨[illegible]
પ્રભુની કરૂણાથી સફળ થાશે (૨),
ધરી ધીરજ આજ, કરો શુભ કાજ, ઉદય ભાસે (૨)–પ્રિય આવો.

धी. गि. मोदी.

— ૩ —

संप ए सर्व सुखनुं मूळ छे.

આ જ્ઞાતિમાં જ્યાં ત્યાં કરો, સંપની જાગૃતિ વીર;
સંપ વધારી આ જગમાંહી, પીઓ આનંદ [1]ક્ષીર રે. આ જ્ઞાતિમાં ૧
સંપ વિના શબ્દ કે અર્થમાં, સંપત થાયજ નહી;
સંપ વડે જાતી તાબેદારી, કુદરતની [2]બહીર રે.—આ જ્ઞાતિમા ૨
દીપક સંપનો લઈને બંધુઓ, હણો કલેશ [3]તિમિર;
સંપ વિના નથી સમાજ કે કુટુંબ, જ્ઞાતિ પણ લગીર રે.—આ જ્ઞાતિમાં. ૩
સંપ વડે [4]કપોત ને પાંડવ, ભોગવે જય [5]સમીર;
સંપ વડેજ બધું મળી આવશે, ચિંતા ત્યજી રહો સ્થિર રે.—આ॰
ે સાધશે [6]પ્રેયસ્ ને [7]શ્રે[illegible] તણા ગૌરવ-
માટે જાણો સંપને વારા, [8]દિતિનંદ[illegible] જા.

चं. ना. किनखाबवाल

— ૪ —

विज्ञप्ति.

(રાગ—ગઝલ કવ્વાલી.)

ઉઠો સૌ જ્ઞાતિના પ્રેમી, કરો કલ્યાણ જ્ઞાતિનું,
લગાવો જ્ઞાતિમાં પ્રીતિ, વધારો માન જ્ઞાતિનું. ૧
ભુલી જાઓ સઉ ભેદો, પ્રસારો એકતા જ્ઞાને,
ઉગારો જ્ઞાતિને દુઃખે, કરો કલ્યાણ જ્ઞાતિનું. ૨

---

૧. ક્ષીર=દૂધ. ૨. બહીર=મદદ. ૩. તિમિર=અંધારૂં. ૪. કપોત=કબુતર. ૫. સમીર=પવન. ૬. પ્રેયસ=લૌકિક હિત. ૭. શ્રેયસ્=પારમાર્થિક હિત. ૮. દિતિનંદન=દેવ.

ગરીબોને વળી શ્રીમંત, સઉ છે જ્ઞાતિ બંધુઓ,
વિસારી દ્વેષ ભાવોને, મિલાવો હાથ દઈ હાથે. ૩
વધારો પ્રેમ જ્ઞાતિમાં, લગાવો નેમ જ્ઞાતિમાં,
જમાવો ક્ષેમ જ્ઞાતિમાં, પ્રસારો જ્ઞાન જ્ઞાતિમાં. ૪
સુખી રહો જ્ઞાતિના સુખે, દુઃખી રહો જ્ઞાતિના દુઃખે,
તમારો દેહ જ્ઞાતિનો, તમારો પ્રાણ પણ તે છે. ૫
ન છોડો જ્ઞાતિની મમતા, ધરી જે મર્ણ પર્યંત,
ભલે જ્યાં હો તહીં હોજો, સદા સેવો અને ચાહો. ૬

त्रि. ज. शेठ.

— ૫ —

आमंत्रणोद्गार

(રાગ–મ્હાડ–ત્રિતાલ)

મહેમાનો ઓ વહાલા પુનઃ પધારજો, (૨)
તમ ચરણે અમ સદન સદૈવ સુહાયજો, (૨)–મહેમાનો० ૧
સુશ્રૂષા સારી ન અમને આવડી, (૨)
લેશ ન લીધો લલિત હૃદયનો લ્હાવજો, (૨)–મહેમાનો० ૨
ઉપકૃત કીધા સૂર્યપુરે સઉ લાડને,
દીપાવિયાં અમ ધામ એ અમ સદ્‌ભાગ્યજો,(૨)–મહેમાનો० ૩
પુરી જ્ઞાતિ તણી સઉ આશા, ફરી ફરી આવજો,
દશાલાડને પ્રભુ અર્પે સુવિચારજો, (૨)–મહેમાનો० ૪

घी. गि. मोदी.

— ૬ —

राजगीत.

(રાગ–જોનપુરી–ત્રિતાલ)

વિજય વિજય વરસાવ, વિભુવર (૨)
તન મન ના તરસાવ, વિભુવર (૨)–વિજય.
ધીરવીર ધરણીધર ધાઓ (૨)
રગરગ શત્રુ તણી રોળાઓ (૨)
જયજય જ્યોર્જ તણો વરતાઓ (૨)–વિજય.

સાખી.

લાભ અનુપમ આપજો, લજ્જા તવ આધાર,
ગા[illegible] નૃપતિ જ્યોર્જનો, કરજો જયજય કાર–વિ૦.

घा. गि. [illegible]ोती.



श्री दशालाड हितवर्धक समाज.

तृतीय संमेलन.

મંગળવાર, તા. ૩૦-૫-૧૯૧૬.

(૧)

ईश्वरस्तुति.

જગનાથને, દીનનાથને—
ભૂપાલકને પ્રણામ હો (૨)-જગનાથને...૧

ગ્રૂજનાર હો, દુઃખદાહ હો—
કંઈ કોટિ વાર નમીએ તમને (૨)-જગનાથને...૨

શ્રીધર નટવર દુર્ગુણ કાપો (૨),
તમ ભક્તિ અમ હૃદયે સ્થાપો (૨),
ખ આપીને, દુઃખ કાપજો (૨)-જગનાથને...
(૨)

स्वागत.

આવો આવો, બંધુ સઘળા—
આનંદમાં ઉભરાવો,
શોભા ભારી, કરી અમારી—
હેત ઉરે વધારો—૧

ફાલી ફૂલી, સમાજ અમારી—
ફૂલડાંઓ ચઢાવે,
હેતે લેજો, ભારતી પુત્રો—
મનનાં ઉચ્ચ ભાવે—૨

થાવો થાવો અધિક ઉમંગી—
હામ ને દામ ધરજો,

૬૨૧૬

હિતવર્ધક આ, સમાજ અમારી—
ઉચ્ચતાએ કરજે—૩
પ્રભો મારા, જગદાધારા—
આપ અમાપ વ્યાપો,
વિશ્વાધારા, અરજ અમારી—
બંધુને સુખ આપો—૪

(૩)

સુધારો.

અરે! ઓ! બંધુઓ પ્યારા, સુધારા તે કરો ન્યારા,
ભલે જો હોય કંઈ પરવા, સુધારા જ્ઞાતિમાં કરવા. ૧
[illegible] મહેલની માંહે, તમોને તમપણુ ક્યાંહે,
[illegible]
જગત શું આમ સે [illegible]ઠા, કરે વાતો ઘણી [illegible].
જુઓ પરદેશની રીતિ, ન રાખો કંઇ તેન [illegible].
[illegible]તો કેવો થયો કેવો, વિચારીને તમે જુઓ
શશાને તો કીડી ધાવે, બધીર કહે બચ બચ વાગે,
કહે અંધ જોવાને જઈએ, અપંગ કહે દોડતા થઇએ ૪
દીધા દૃષ્ટાંત તો આવા, કહ્યા સિદ્ધાંત તો એવા,
પરંતુ ક્રૂર આ કેવા, સ્વાર્થને સાધો તો લેવા. ૫
રાખજો બંધુ હો શીરે, ન કાઢો અશ્રુનાં નીરે,
અંતરાત્માને જો પૂછો, અધિક છે માર્ગ એ ઉંચો ૬

સુરત ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રીન્ટીંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપી.